સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

કરે બેફામ ગુન્હા, રેકર્ડ બ્રેક થઇ જાય છે,
'ક્લીનચીટ' મળ્યા પછી નેતા નેક થઇ જાય છે,
એક થઇ જાય છે પક્ષો બધા જ સુપ્રીમ સામે -
આરટીઆઇ સામે પડીને છેક લઇ જાય છે!
(કાળા કાગડાઓનો સંપ)

અટકી પૂંછ
આરટીઆઇમાંથી
ઉંટો બહાર
(રાજકીય પક્ષો - આરટીઆઇમાંથી બાકાત)

સમરથકો -
દોષ નહીં ગોસાંઇ
રડે નિર્બળ..

ચિંતન

પદ્માકરં દિનકરો વિકચં કરોતિ ચંદ્રો વિકાસયતિ કૈરવ ચક્ર વાલમ્ ।
નાભ્યર્થિતો જલધરો અપિ જલં દદાતિ સંતઃ સ્વયં પરહિતે વિહિતે વિહિતા મિયોગા ॥

સંત-સજ્જન લોકોનો સ્વભાવ જ સ્વયં પરોપકારી છે. આ સત્ય સમજાવવા અહીં કેટલાક દૃષ્ટાંત આપવામાં આવ્યા છે.

'પરોપકારી વ્યક્તિઓ પાસે કોઇ યાચના ન કરે છતાં પણ એ પોતાના સ્વભાવથી જ સમજી સમાજને મદદરૂપ થાય છે. એ લોકો પોતાનાં કર્તવ્ય પાલન સ્વરૂપે જ ફરજ અદા કરે છે.'

સૂર્ય, સરોવરના કમળ સમૂહને કોઇ પણ જાતની વિનંતી વિના વિકસાવે છે અને પ્રફુલ્લિત બનાવે છે.

એ જ રીતે ચંદ્ર પણ કુમુદના સમૂહને વિકસાવી સુશોભિત કરે છે.

... અને મેઘ પણ પૃથ્વી પર પોતાનો અનારાધાર પ્રેમ વરસાવી પૃથ્વીને લીલીછમ્મ સુશોભિત અને જલ દ્વારા તૃપ્ત કરે છે.

આમ સંત-સજ્જન લોકોની સેવા અને પરોપકાર પરાયણ પ્રકૃતિને કારણે કોઇની પણ કંઇ પણ, યાચના વિના પણ સેવા-મદદ-રાહત-પરોપકાર કર્યા જ કરે છે.

સુવિચાર

- એકવાર વિચાર કરો કે આ બધું હું ક્યાં લઇ જઇશ?? પછી મોહ માયાનો ભાર ઓછો થતો લાગશે - **રમેશ ઓઝા**
- તમારી પાસે કંઇ જ બાકી બચ્યું ન હોય તો પણ ભવિષ્ય તો બાકી હોય જ- **તમિલ કહેવત**
- જીવનનું મહાન ધ્યેય જ્ઞાન ને આચરણમાં મુકવાનું હોઇ શકે - **જ્ઞાનસૂત્ર**
- કુદરતી દુઃખ એ પરિક્ષા છે, ઊભું કરેલું દુઃખ એ શિક્ષા છે - **જ્ઞાનસૂત્ર**
- આયુ, સંપત્તિ, કર્મ, વિદ્યા અન મરણ - આ પાંચ જીવ ગર્ભમાં હોય ત્યારે જ નિશ્ચિત થઇ જાય છે - **વિદુર**
- જીંદગી હસાવે ત્યારે સમજવું કે સારા કર્મોનું ફળ આપ્યું છે, જયારે જીંદગી રડાવે ત્યારે સમજવું કે સારા કર્મો કરવાનો સમય આવ્યો છે. - **બોસ્ટોમ્બોસ**
- ના બોલવામાં નવ ગુણ, અને બોલે તેના બોર વેચાય આ બંને કહેવતો સમય સૂચકતા મુજબ, કોઠાસૂઝથી અપનાવાય તો જીવન સરળ સફળ બનાવી શકાય - **શાહબુદ્દીન રાઠોડ**

બોધ કથા

હમણાં જ વર્તમાનપત્રોમાં એક કિસ્સો આવ્યો હતો. કરોડોની મિલ્કત જલ્દી મેળવવા માટે કરીને એક પુત્રે, માતાની હત્યા કરી નાખી. આજના યુગની પુત્રવધુઓ 'પતિ' સિવાય કોઇને ઓળખતી કે પ્રેમ કરતી નથી. 'અલગ' રહેવાના જ એને ઉમળકા હોય છે. સાસુ-સસરા ભાર રૂપ લાગે છે! પછી પુત્ર પ્રેમાળ વત્સલ - આજ્ઞાંકિત હોય તો પણ શું થાય?! લાચાર..

માતા બાળકને ખોળામાં લઇ માથાંમાં તેલ નાખતી હતી. પછી મોઢું પકડી એનું માથું ઓળ્યું. બાળક માને વહાલ કરવા લાગ્યો.. માની આંખનો ખૂણો ભીનો થયો. બાળકે હઠ કરી કારણ પૂછ્યું.. માએ કારણ કહેવા અને જવાબ ટાળવા ખૂબ પ્રયત્ન કર્યો પણ કંઇ ચાલ્યું નહીં..

આંસુ લૂછતાં લૂછતાં મા એ કહ્યું બેટા! શરીરના કેટલાક લક્ષણશાસ્ત્ર હું જાણું છું જેમ કે કપાળ નાનું હોય તો જિંદગીભર દુખોનો સામનો કરવો પડે - એમ જો કોઇનાં દાંત પર કાળો ડાઘ હોય તો એવા પુત્ર માને છોડી ચાલ્યો જાય છે!

કહેવાની જરૂર નથી. બાળક ઉઠ્યો અને બહાર જઇ પથ્થરથી એ ડાઘવાળો દાંત કાઢી નાખ્યો. લોહી-લુહાણ ચહેરે મા પાસે આવ્યો અને કહ્યું - મા! હવે તો હું તારાથી કદીય અલગ નહીં થાઉં ને? માતાએ બાળકને છાતી સરસો ચાંપ્યો - આ બાળક મોટો થઇ 'વિષ્ણુગુપ્ત-ચાણક્ય' તરીકે પ્રખ્યાત થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

નિરૂપણના પ્રત્યક્ષીકરણથી તાજગીભરી બાળ સૃષ્ટિનું નિર્માણ કરતી બાળકોને વાંચવી ગમી જાય તેવી બાળ વાર્તાઓ

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

એક જમાનામાં દાદા-દાદી દ્વારા બાળકોને ભેગાં કરી વાર્તાઓ કહેવામાં આવતી. જેમાં રાજા-રાણી કે પરીઓની વાર્તાઓ હોય, પંચતંત્રની વાર્તાઓ અને પૌરાણિક કથા આધારિત વાર્તાઓ હોય તેને બહુ સરળ રીતે બાળકોને કુતૂહલ પ્રેરે તેમજ તેમનાં સંસ્કારો કેળવાય તે રીતે રજુ કરાતી. કદાચ બાળકોનાં શિક્ષણનું આ પ્રથમ પગથીયું હતું. વાર્તા દ્વારા બાળ માનસમાં જે ઉતારવાનો પ્રયત્ન થતો એ એટલો સફલ રહેતો કે બાળકો દાદા-દાદીની કહેલ એવ વાર્તા જીંદગીભર ભૂલતાં નહીં એટલું જ નહીં તેમનાં બાળકોને પણ પરંપરાગત રીતે એ વાર્તાઓ કહેતાં. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ અને વિકાસનો વાયરો ફૂંકાતાં નવા નવા વ્યવસાયો ઊભા થયા. ગામડાં ભાગ્યાં તે સાથે સંયુક્ત કુટુંબોની પ્રથા પણ ધીમે ધીમે ક્ષય પામવા લાગી ત્યારે બાળકો માટે કહેવાતી વાર્તાઓનું સ્વરૂપ પણ બદલાયું. બાળ વાર્તા કહેનાર દાદા-દાદી પણ બાળકથી દૂર થયાં તે પછી બાળ વાર્તા સામયિકોમાં કે પુસ્તકો રૂપે આકાર લેવા લાગી. શરૂઆતના તબક્કામાં સાંભળેલી કે રૂપાંતરીત વાર્તાઓ આવી. તે પછી ગીજુભાઇ બધેકા દ્વારા વાર્તાને મૌલિક સ્વરૂપ આપવા અને બાળવાર્તાઓ કેવી હોવી જોઇએ અથવા તો બાળકોને કઇ રીતે બાળ વાર્તા દ્વારા આકર્ષી શકાય તે માટેના પ્રયત્નો થવા લાગ્યા. રેડીયો અને ટી.વી.ના જમાનામાં બાળકોમાં બાળ વાર્તા પ્રત્યે આગવું આકર્ષણ ઊભું કરવા વિજ્ઞાન કથાઓ, ચાતુરી કથાઓ, ચિત્રકથાઓ પણ આવી. તે સાથે સાથે બાળ વાર્તાઓનું સ્વરૂપ ઘગતું ગયું. પરંતુ બાળ વાર્તાઓ ખરેખર કેવી હોઇ જોઇએ તે અંગે આજે પણ વિવાદને સ્થાન છે. કેમ કે બાળકને તો કોઇ પૂછતું જ નથી કે તને કેવી રીતે વાર્તા જોઇએ છીએ. આવી જ જુદા જુદા લેખકોની મનપસંદ બાળવાર્તાઓનું સંકલન અને સંપાદન સાંકળચંદ પટેલે કર્યું છે. આ શ્રેણીમાં રન્નાદે દ્વારા બાળવાર્તાના જાણીતા અને નવોદિત એવા અનેક લેખકોની મનપસંદ વાર્તાના પુસ્તકો રન્નાદે પ્રકાશન દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાનાં એક પુસ્તકની વાત માટે આજે તમને કરવી છે.

'પ્રકાશ લાલાની મનપસંદ બાળ વાર્તાઓ' સુંદર રંગબેરંગી મુખપૃષ્ઠ ધરાવતા આ પુસ્તકમાં માત્ર નવ વાર્તાઓ આપણને મળે છે. જો કે વાર્તાઓમાં વિષય વૈવિધ્ય, બાળકોને વાંચવી ગમે તેવી કથન શૈલીને કારણે વાંચન ક્ષમ તો છે. પરંતુ જરા લાંબી વધુ છે છતાં ચંદ્રકાન્ત શેઠ કહે છે તેમ પ્રકાશ લાલાની બાળ વાર્તાઓનું વિશ્વ બાળકોને ઘણું રોમાંચક અને ચમત્કારિક લાગે એવું છે. આ બાળ વાર્તાઓમાં વૈજ્ઞાનિક અને કાલ્પનિકતાનો રૂચિકર સમન્વય જોવા મળે છે. જેમાં પવન પાવડી, જાદુઇ વીંટી અને જાદુઇ ફૂલ જેવી બાળકોનાં વિસ્મય - કૌતુક ને ઉત્તેજે એવી અદ્‌ભૂત રસની સામગ્રી નોંધપાત્ર પ્રમાણમાં મળે છે. સોનેરી બિલાડી અને અંગૂઠિયા જેવ પાત્રો, બુદ્ધિધન જેવાની ચતુરાઇ અને રામલાલની પૈંતરાબાજી એ બધાંથી આ કથાઓમાં અવનવી ઘટનાઓ ઘટે છે. જેથી બાળકોના કથારસ અને કૌતુક રસ જળવાઇ રહેવા સાથે એમની તર્કબુદ્ધિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિને ખૂલવા અને ખિલવાનો અવકાશ મળે એવું પર્યાવરણ સર્જવામાં આ વાર્તા સૃષ્ટિ ઉપકારક થાય એમ છે. લેખક પણ બાળકોને મીઠો વાર્તારસ માણવા મળે તે સાથે એમનું ચારિત્ર્ય ઘડતર થાય એવી વિચારોત્તેજક સત્વ સામગ્રી સુલભ થાય એ માટે સભાન હોય તેમ લાગે છે. કારણ કે બાળ વાર્તા કેવી હોવી જોઇએ? તે બાળકે પોતાનો ચોક્કસ અભિગમ રજૂ કરતાં લેખક કહે છે કે 'બાળકો જે હોંશે હોંશે વાંચે, વાંચતા વાંચતા એવાં રસતરબોળ થઇ જાય કે આસપાસનું ભાન ભુલી જાય ને ફરી ફરીને વાંચે એવી બાળવાર્તાઓ હોવી જોઇએ. એમાં સાદા શબ્દો અને સરળ ભાષાશૈલી હોવી જોઇએ. બાળકોને ગમતા વિષયો તેમાં વણાયા હોવા જોઇએ. એટલે કે બાળકોનું ભાવજગત એમાં ઝિલાયું હોવું જોઇએ. બાળ વાર્તાઓ વાંચીને બાળક કલ્પનાને પ્રદેશમાં વિચરવું જોઇએ. એમાં બાળકો તાદાત્મય સાધી શકે તેવાં પાત્રો આવતાં હોવાં જોઇએ. ને તેમને હલાવી શકે, વિસ્મય જગાડી શકે તેવી ઘટનાઓ પણ આવવી જોઇએ. બાળ વાર્તામાં સંસ્કાર ચિંતન કરે તેવો સંદેશો પરોક્ષ રીતે ગુંથાયેલો હોવો તો આવકાર્ય ગણાય. વળી બાળકોમાં વીરતા - નીડરતા, દયા - કરૂણા, ઇમાનદારી, દેશદાઝ, વિનય - વિવેક, નિર્બળને સહાય, વડીલોને માન, જાત મહેનત ઝિંદાબાદ જેવા પાયાના ગુણો - મૂલ્યો શીખવે તથા ગમ્મત સાથે જ્ઞાન આપે, તેમનું બૌદ્ધિક કૌશલ્ય કેળવાય અને જુની ઘરેડના ચીલા ચાલુ વિષયોને બદલે સમય સાથે તાલ મિલાવતા વિષયોને સાંકળી લેતી બાળવાર્તાઓ હોવી જોઇએ. તે તમામ બાળકો ને લેખકે તેમની વાર્તાઓમાં ધ્યાને લીધી હોય તેમ અવશ્ય લાગે છે.'

'મનપસંદ બાળવાર્તાઓ' પુસ્તકોના લેખક પ્રકાશ નટવરલાલ લાલાનો જન્મ બનાસકાંઠા જિલ્લાના દિયોદર ગામે તા. ૭-૧૨-૧૯૪૬માં થયો હતો. તેમનું વતન ગાંધીનગર જિલ્લાનું સાદરા ગામ છે. તેમણે બી.એ., એલ.એસ.બી. થઇને પત્રકારત્વનો ડિપ્લોમાં કોર્સ પણ કરેલો છે. તેમાં તેમને ગોલ્ડ મેડલ મળ્યો હતો. સરકારના માહિતી ખાતામાં જોઇન્ટ ડિરેક્ટર તરીકે સેવાઓ આપીને નિવૃત્ત થયા છે. તેઓ અભિનય, દિગ્દર્શન, પ્રવાહ, સંગીત તથા બાળવિકાસની પ્રવૃત્તિઓમાં વિશેષ રસ લે છે. હાલમાં કલ્ચરલ ફોરમ દ્વારા શરૂ થયેલ 'કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગ'માં તેમનું મહત્ત્વ પૂર્ણ યોગદાન છે. અને ૧૯૭૦થી તેઓ દર્શન, અર્પણ, કલાદર્શન, કલાગુર્જરી જેવી થિયેટર ગ્રુપની સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેમાં કલાકાર તથા દિગ્દર્શક તરીકે સેવાઓ આપી છે. દૂર દર્શનની નાટ્ય શ્રેણીઓમાં અને ગામ-શહેરોમાં તેમને ૧૦૦૦ જેટલા નાટ્ય પ્રયોગો કર્યા છે. નાટક લેખન તેમની પ્રિય પ્રવૃત્તિ છે. તેમણે નાટ્ય પ્રયોગો કર્યા છે. નાટ્ય લેખન તેમની પ્રિય પ્રવૃત્તિ છે. તેમણે ૭ જેટલા નાટકો લખ્યાં છે. એ બધાને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા અન્ય સંસ્થાઓ તરફથી પારિતોષિકો મળેલ છે. તે સિવાય બાળવાર્તાના પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. તે ઉપરાંત અન્ય સાહિત્ય પ્રકારોમાં લઘુકથા, હાસ્ય, સમીક્ષા વગેરેમાં પણ તેણે કલમ ચલાવી છે. ગાંધીનગર સમાચારમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સમીક્ષા નિયમિત લખે છે. હાલમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના મહામંત્રી અને 'અખંડ આનંદ' માસિકના સંપાદક એવા પ્રકાશભાઇને મનપસંદ વાર્તાઓનું સુંદર નજરાણું બાળકોને ધરવા બદલ અભિનંદન પાઠવું છું.

પ્રકાશલાલાની મન પસંદ બાળવાર્તાઓ.
સંપાદક - સાંકળચંદ પટેલ
પ્રકાશક - રન્નાડે પ્રકાશન, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, કિંમત : રૂા. ૧૬૦/-, પૃષ્ઠ : ૭૨

સ્ત્રી ઉપરના અત્યાચાર, હિંસા અને ગુલામીના શીર્ષકો સમાચાર પત્રોના મુખપૃષ્ઠ પર આપણી માનસિકતાને ઘેરા કાળા રંગથી ઉજાગર કરે છે

હું રસ્તે રઝળતી વારતા
- અચના પટેલ

સ્ત્રી વગરના પુરૂષ અને સમાજની કલ્પના અશક્ય છે. વહાલ કરતી મા. કાળજી કરતી બહેન, સખી પ્રેયસી અથવા પત્ની કે પછી નિષ્પાપ દીકરી જીવનની ચેતનાને પોતાની ભાવનાની ભીનાશથી અને સહકાર્યથી જીવતી રાખે છે. સ્ત્રી વગર જીવન અપૂર્ણ છે. છતાં આજે આખા દેશમાં સ્ત્રીઓ પુરૂષપ્રધાન માનસિકતા ધરાવતા સમાજમાં અત્યાચાર, દહેજપ્રથા, ભ્રૂણ હત્યા અને શોષણના ભરડામાં પીસાઈ રહી છે. સ્ત્રી ઉપરના અત્યાચાર, હિંસા અને ગુલામીના શીર્ષકો સમાચાર પત્રોના મુખપૃષ્ઠ પર આપણી માનસિકતાને ઘેરા કાળા રંગથી ઉજાગર કરે છે .આવી લજ્જાપ્રદ વાસ્તવિકતા વચ્ચે સ્ત્રીનું મહત્વ અને તેના આત્મસન્માનને સ્વીકારી બિહારના ધરહરા ગામનાં લોકોએ સ્ત્રી સમાનતાનું અદ્‌ભુત ઉદાહરણ રજૂ કર્યું છે. અહીં સ્ત્રી તેના સંપૂર્ણ સન્માન અને હકની સાથે જીવન જીવે છે. દીકરીનો જન્મ અહીં ઉત્સવમાં ફેરવાય છે. તેના જન્મની સાથે જ ગામમાં સૌદર્ય, સમૃદ્ધિ અને આનંદની અભ્યર્થના થાય છે. સ્ત્રીના અસ્તિત્વ અને સ્વમાનને સ્થાન આપતી એક અદ્‌ભુત પરંપરા આ ગામના લોકોએ ઊભી કરી છે.

બિહારના ભાગલપુર જિલ્લાના ધરહરા ગામની દોઢસો વર્ષ જૂની આ આગવી પરંપરાથી પ્રેરાઈને મુંબઈના ૨૭ વર્ષીય નવોદિત દિગ્દર્શક કૃનાલ શર્માએ તેની પર 'મેંગો ગર્લ્સ' નામની ૪૮ મિનિટની દસ્તાવેજી ફિલ્મ બનાવી છે. આ ગામમાં દરેક દીકરીના જન્મની સાથે ઓછામાં ઓછા ૧૦ આંબાના ઝાડ રોપવાની પરંપરા છે. અને ઝાડવાઓ થકી ઉપજતી આવકથી તેઓ પોતાની દીકરીના શિક્ષણની અને લગ્નની વ્યવહારિક ગોઠવણ કરે છે.

ધરહરા ગામની આ પરંપરા પર બનેલી ફિલ્મ 'મેંગો ગર્લ્સ' ગામની સમાનતાની વિચારધારાને ઉજાગરા કરે છે. ફિલ્મના સહનિર્માતા રોબર્ટ કાર અનુસાર ધરહરા ગામમાં અનુસરવામાં આવતી આ પરંપરા ખૂબ જ રસપ્રદ અને મહત્વપૂર્ણ એટલે છે કારણ કે તે 'બાળહત્યા, દહેજ અને ગ્લોબલ વોર્મિંગ' જેવી ત્રણ ગંભીર સમસ્યાઓને આવરી લે છે.

ધરહરા ગામના રહેવાસીઓ મુજબ ૪૩ વર્ષીય સુભેદુકુમાર સિંઘના પૂર્વજોએ આ પરંપરા શરૂ કરી હતી. દીકરીના જન્મને ચિંતા તરીકે નહીં પણ ઉત્સવ તરીકે ઉજવાય એવી તેમના પૂર્વજોની ઈચ્છા હતી એમ કહેવાય છે.

સુભેંદુની ૭૦વર્ષીય માતા નિર્મલાદેવી કહે છે કે, અમારા પૂર્વજોએ કલ્પના પણ ન કરી હોય એવી મૂળભૂત, સમસ્યાઓનો ઉકેલ લાવવા આ પરંપરા આજે સમર્થ બની છે. આજે આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગ અને વનવિનાસ જેવી સમસ્યાઓનો ઉકેલ શોધી રહી છે ત્યારે અહીં અમારા ગામમાં દરેક ઘર આંબાના ઝાડવાઓથી ઘેરાયેલું છે.

નિર્મલાદેવી કહે છે કે, રાજયના બીજા ગામડાઓમાં ઘણી વખતે પૂર આવે ત્યારે અમારા પાક ધોવાઈ જાય છે. ક્યારેક તો અમારા ઘરના છાપરા ઉડી જાય છે, પણ આંબાના આ ઝાડવા ખડતલ રીતે ઉભા રહી અમને ફાયદારૂપ પુરવાર થાય છે. ધરહરાના લોકો વનવિનાશની સમસ્યાથી પરિચિત છે અને તેમની પરંપરાને તેઓ પર્યાવરણને થતા નુકસાનના ઉકેલ તરીકે જુએ છે. ગામના શંકર સિંઘ કહે છે કે અમે પાક કે અનાજના બદલે આંબાને પસંદ કર્યો કારણ કે મુઘલોના સમયમાં આ વિસ્તારમાં ગીચ જંગલ હતું. જે પછીથી કાપી નાખવામાં આવ્યું. અમે તે જ સ્થિતિને પૂર્વવત કરવા ઈચ્છીએ છીએ.

દરેક આંબાના રોપને પાકતા કેટલાક વર્ષ લાગી જાય છે તે પછી પાંચ વર્ષમાં આવતી દરેક ઋતુમાં તે ૫ હજારથી ૬ હજાર રૂપિયા સુધીનો ફાયદો કરાવે છે. આમ દરેક દીકરી માટે જો ૧૦ ઝાડવાં રોપવામાં આવ્યા હોય તો તેના દ્વારા વાર્ષિક ૫૦ હજાર થી ૬૦ હજાર રૂપિયા આવક થઈ જાય છે.

નિર્મલાદેવી કહે છે કે, આ વૃભો અમારી દીકરીઓ સાથે જ ઉછરે છે. તે અમારી ફિક્સ ડિપોઝીટ છે. આ ગામમાં છોકરીઓના વિવાહની પ્રથા આગવી છે. પરંપરા અનુસાર વર સાથેના લગ્ન પહેલાં દીકરીને આંબાના ઝાડ સાથે પરણાવવામાં આવે છે. આ સંદર્ભમાં લોકોની માન્યતા છે કે આંબાનું ઝાડ દીકરીનું અપશુકન પોતે લઈ લે છે. આમ આંબાનું ઝાડ તેના જીવન સુધી દીકરીનું રખેવાળ બની રહે છે.

ધરહરાની સ્નેહા જેને જમશેદપુરમાં પરણાવવામાં આવી છે તેના માટે પરંપરા જીવનનો અત્યંત મહત્વનો ભાગ છે. તે કહે છે કે, અમારો પરિવાર વર્ષોથી ઘરની દીકરીઓ માટે ૧૦ ઝાડવાં વાવતું રહ્યું છે. જેમશેદપુરમાં ભલે આ પ્રથા ન હોય છતાં મારી દીકરી માટે પણ હું ચોક્કસ રીતે ૧૦ આંબા રોપીશ.

ધરહરા ગામની આ પરંપરા દર્શાવતી ફિલ્મ માટે મહેશ ભટ્ટ, પૂજા બેદી અને પૂર્વ આઈપીએસ કિરણ બેદી જેવી જાણીતી હસ્તીઓની સહાય પણ લેવામાં આવી છે. આ પરંપરા બીજા પણ સ્વીકારે એવો મત તેઓ ધરાવે છે. કિરણ બેદી કહે છે કે, પરિવર્તનની સવાર માટે એક ક્રાંતિકારી ઉકેલ બની શકે છે. આ પરંપરા એક રાષ્ટ્રીય ચળવળ બનવી જોઈએ. જો તમારી પાસે જમીન હોય તો ઝાડવા વાવો અને જો તમારી પાસે જમીન ન હોય તો તેની પર્યાયમાં બીજી વસ્તુમાં મૂડી રોકાણ કરો જેનાથી તમારી દીકરીને ફાયદો થાય.

કાર કહે છે કે આ ફિલ્મનું શૂટિંગ પૂરૂં થયા પછી અમે તેને વિશ્વભરના ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરવા ઈચ્છીએ છીએ. ભારતીય સ્ત્રીઓની સ્થિતિ વિશે માધ્યમોમાં અત્યારે ખૂબ જ નકારાત્મક સમાચારો છપાઈ રહ્યા છે, પરંતુ ફિલ્મથી પશ્ચિમી વિશ્વમાં એક સકારાત્મક સંદેશ જશે.

જાણીતી સમાજશાસ્ત્રી અને ટાઈસોસાના ઉપસંચાલક લક્ષ્મી લિંગમ કહે છે કે, આ સાતત્યપૂર્ણ પ્રયત્નનો એક ઉત્કૃષ્ટ ખ્યાલ અને ઉદાહરણ છે. પણ આની માટે જમીન હોવી અપેક્ષિત છે. તેથી સરકારે આ પ્રકારની પહેલને સફળ બનાવવા પડતર જમીન ફાળવવી જોઈએ. જો ઝાડવા શક્ય ન હોય તો પશુપાલન પણ એક સારો પર્યાય નિવડી શકે છે.

ભારતમાં મોટા ભાગના વિસ્તારોમાં દીકરાનો જન્મ થાય ત્યારે પેડા વહેંચીને તેની ઉજવણી કરવામાં આવે છે જયારે દીકરીના જન્મ વખતે જલેબી વહેંચાય છે અને પુત્રથી જ વંશ આગળ ચાલે તેવું માનતા પરિવારજનો તેની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરતા નથી. આ સ્થિતિમાં બિહારના એક નાનકડા ગામની પરંપરા માત્ર ભારત જ નહીં. સમગ્ર વિશ્વને પણ પ્રેરણા આપી શકે છે.

નિરંતર ગતિશીલ, પરિશ્રમી અને ઉદ્યમી વ્યક્તિ અવશ્ય નિશ્ચિત લક્ષ્યને પામે છે

ચાલતા રહો... ચાલતા રહો... ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...
- હર્ષદ પ્ર. શાહ

આપણા ઋષિ-મુનિઓએ મંત્ર આપ્યો છે - ચરૈવેતિ ચરૈવેતિ... ચાલતા રહો... બસ ચાલતા જ રહો. કવિઓએ પણ ગાયું છે - જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ શામ... વિજ્ઞાન પણ કહે છે - ગતિમાં શક્તિ છે. જ્ઞાની અને વિજ્ઞાની બધા ચાલતા રહેવાનું જ કહે છે. પાણી પણ વહેતું રહે ત્યાર નિર્મલ બની રહે છે. બંધિયાર પાણી ગંધાઇ જાય છે. સૂર્યમાંથી નીકળતાં પ્રકાશનાં કિરણો કરોડો કિલોમીટરની મુસાફરી કરી પૃથ્વી પર પહોંચે છે ને અજવાળું પાથરે છે.

માણસની જિંદગી તો પર્વતની છાતી ચીરીને વહી નીકળતા ઝરણા જેવી છે. એનું ધ્યેય હોય છે - વિલીન થઇ જવું, સમાઇ જવું! ક્યારેક એ ઝરણું ઘગઘગતા રણને રેતીમાં શોષાઇ જાય... તો ક્યારેક એ ઝરણું આફતોમાં ખડકોને ઓળંગીને સાગરના ખોળામાંય સમાઇ જાય. આપણે નિર્ણય કરીએ - આપણા જીવન ઝરણાને ક્યાં લઇ જવું છે? સમસ્યાઓને શરણે જઇ અસફળતાના રણમાં શોષાઇ જવું છે કે પછી સમસ્યાઓનો સહજતાપૂર્વક સામનો કરી સફળતાના સાગરમાં સમાઇ જવું છે? નિરંતર વહ્યા કરે તે ઝરણું. સતત વહેતા રહેતા પથ્થર પર ઘસાઇ ઘસાઇને શાલિગ્રામ બની જાય છે અને પૂજા યોગ્ય બને છે. માર્ગમાં આવતા નાના-મોટા અવરોધોનું ઝરણું ગણકારતું નથી, માર્ગ શોધી લે છે. રસ્તે ચાલતાં ક્યારેક ઠોકર વાગે ને માણસ પડી જાય. સમજુ હોય તો ધૂળ ખંખેરીને ઊભો થઇ જાય. વાગ્યું હોય તો પંપાળીને બેસી ન રહે. પાટાપિંડી કરે ને ચાલવા માંડે. જે ચાલે છે તે જ પડે છે ને આથડે છે... પણ અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ ચાલતો રહે તેને જ થાય છે. એક ઉર્દૂ શાયરે કહ્યું છે -

"શમા પરવાને કો જલના સિખાતી હૈ
સાંજ સૂરજ કો ઢલના સિખાતી હૈ
ગિરનેવાલે કો કોસતે હો ક્યોં?
ઠોકરેં ઇન્સાન કો ચલના સિખાતી હૈ ।"

આપણે ચાલ્યા જ કરીએ છીએ જુગજુગથી! આ યાત્રા અંતવિહીન છે... યાત્રાનો અંત જ નથી. અનંતની યાત્રામાં જો ખંત ખોવાઇ કે ખોરંભાઇ ના જાય તો યાત્રા હંમેશા ગતિશીલ બની રહે છે.... અને ગતિશીલ વ્યક્તિત્વ જ ખૂબ પ્રગતિશીલ બની શકે! પ્રખ્યાત તત્ત્વચિંતક દાગ હેમરશુલ્ડ કહે છે -

"The longest journey is the journey inward"

- 'સહુથી લાંબી યાત્રા અંતરયાત્રા છે.'

નિરંતર ગતિશીલ, પરિશ્રમી અને ઉદ્યમી વ્યક્તિ અવશ્ય નિશ્ચિત લક્ષ્યને પામે છે.

એક સૈનિક હતો. પોતાની ફરજની બહાર જઇને પણ એ એટલી મહેનત કરે કે એના સાથીદારો અકળાઇ જાય.

"શા માટે ખોટી મજૂરી કરે છે?" એવી વણમાગી સલાહ એ સાથીદારો આપતા.

"મારી મજૂરી ખોટી છે કે ખરી એ તમને આજે નહીં સમજાય."

"તમે એનો કંઇ લાભ તો થયો નથી!"

"આજે નહીં દેખાય. મારી આજની મજૂરી એ આવતીકાલની મબલખ પાકને લણવાની તૈયારી છે."

"કરે ત્યારે તૈયારી..." કહીને પેલાઓએ વાત પડતી મુકી. સૈનિક મહેનત કરતો રહ્યો. જે કાંઇ મુશ્કેલીઓ આવે તેને ઉકેલતો જ રહ્યો અને નિરંતર કાર્યરત રહ્યો. પરિશ્રમનાં બીજ એ વાવતો જ ગયો... ને એક ધન્ય દિવસે એનો લણવાનો વખત આવ્યો. એ લશ્કરનો સેનાપતિ બન્યો. એનું નામ લી. અમેરિકન સ્વાતંત્ર્ય ઇતિહાસમાં એનું નામ સુવર્ણાક્ષરે અંકિત છે.

સતત સક્રિય રહેવું, નિરંતર કાર્યરત રહેવું, ગતિશીલતા ટકાવી રાખવી સરળ તો નથી જ. ખુબ અઘરૂં છે. આળસને અને નિરાશાને પોતાનાથી જોજન દૂર રાખવી પડે! જે કાર્ય કરવાનું છે તેમાં કુશળતા અને જ્ઞાન પ્રાપ્ત કરવાં પડે... આ બધું કષ્ટપૂર્ણ જરૂર છે પણ એ સાધ્ય બન્યા પછીનો આનંદ અનેરો હોય છે.

એક શિષ્યે એક ધર્મગુરૂ પાસે આવીને કહ્યું, "હવે મને જીવવામાં કોઇ રસ રહ્યો નથી."

"મોતને એટલું મીઠું બનાવવામાં કાંઇ કારણ?"

"શું કરૂં? મુશ્કેલીઓએ એવો વીંટો વાળ્યો છે કે નજર નાખવાની કોઇ જગ્યા નથી રહી. એમ થાય છે કે હવે જીવન સાથે ઝઝૂમી નહીં શકાય."

"તમે કોઇ દિવસ લુહારને ત્યાં ગયા છો ખરા?"

"ના."

"તો હું એની કામગીરીનો થોડો ખ્યાલ આપું. લુહાર પોતાની ભઠ્ઠીમાં લોખંડને નાખે છે ને ખૂબ ધમણ ધમાવે છે. લોખંડ લાલચોળ થાય એટલે એને બહાર ટીપે છે."

"જોયા વગર પણ એની કલ્પના તો હું કરી શકું છું. લોખંડને ઉપયોગી સાધન બનાવવા માટે જોઇતો આકાર આપવા લુહાર આમ કરે એ સ્વાભાવિક છે."

"તો જિંદગીના ઘાટનો ઘડવૈયો તમને ને મને દુઃખની ભઠ્ઠીમાં તપાવે અને ઘણના ઘા મારે તો આનંદ પામવો જોઇએ કે દુઃખ? પ્રત્યેક મુસીબત આપણા જીવનનું ઘડતર કરવા માટે આવે છે. આ હકીકત સમજાઇ જાય તો આપણે કેટલા આદરથી એનું સ્વાગત કરીએ! દુઃખ એ તો પરોઢ પહેલાંનો અંધકાર છે... માટે ચાલતા રહો... અડચણો, મુસીબતોનો વિચાર કરવાને બદલે ચલાતા રહો!"

ધર્મગુરૂએ જીવનના રહસ્યને આ રીતે સમજાવ્યું. શંકરાચાર્યે નાનપણથી જ ઘર છોડયું. સમગ્ર ભારતવર્ષને ઘર બનાવ્યું. નિરંતર ચાલતા રહ્યા. સમાજના દોષો તરફ સમાજનું ધ્યાન દોર્યું, ધર્મના નૂતન અર્થો સમજાવ્યા અને સમગ્ર સમાજને એકાત્માની અનુભૂતિ કરાવી.

(અનુસંધાન પાના નં. ૬ પર)